BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ફાધર વાલેસ કૃત 'વ્યક્તિઘડતર' : માનવ નિર્માણનું દિશાદર્શન

ડૉ. મયંકકુમાર જે. પટેલ
આસિ.પ્રોફેસર,
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ
9427854889
mayankksarts@gmail.com

ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં ગુજરાતી સર્જકોનું પ્રદાન સ્વાભાવિક છે, પણ મૂળે ગુજરાતી ન હોવા છતાં ગુજરાતી સાહિત્યક્ષેત્રે પોતાની કલમ ચલાવનાર સર્જકો ગુજરાતને સાંપડ્યા છે, તે ગુજરાતીનું સદ્ભાગ્ય છે. એલેક્ઝાન્ડર કિન્લૉક ફાર્બસે ગુજરાતીની ચિંતા અને ચિંતવનથી પ્રારંભેલી આ યાત્રામાં કાકા કાલેલકર અને ફાધર વાલેસ એ બે મોંઘેરાં રત્નો આપણી સ્મૃતિમાં સતત ઝગમગે છે. સ્પેનમાં ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા કાર્લોસ જી. વાલેસ ૧૫ વર્ષની ઉંમરે આધ્યાત્મિક માર્ગે પોતાનું જીવન સમર્પિત કરવાના હેતુથી વ્યક્તિગત જીવનને ત્યજી ઈસુની સાધુ સંસ્થાઓમાં જોડાઈ ગયેલા. ચાર નવેમ્બર,૧૯૨૫ના રોજ જન્મેલા ફાધર વોલેશની જન્મ શતાબ્દીનું વર્ષ ઇ.સ. ૨૦૨૫ છે, ત્યારે તેની પૂર્વે આ સર્જક અને તેમના સર્જનને સ્મરવા છે. ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવનાર તેઓ ૧૯૬૦ થી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાયા હતા. મૂળે તો ગણિતના અધ્યાપક પણ સાહિત્ય પ્રત્યે પણ એટલી જ પ્રીતિ. આધ્યાત્મિક માર્ગને પરિણામે કેવળ કલા ખાતર કલાનો અભિગમ નહીં પરંતુ જીવન ખાતર કલામાં માનનાર આ સર્જક પાસેથી વૈચારિક સાહિત્ય માતબર મળ્યું છે. ગુજરાતમાં સ્થાયી થવાને પરિણામે ગુજરાતી વ્યક્તિઓ સાથેનો સંપર્ક અને ગુજરાતી વિદ્યાર્થીઓ કૉલેજમાં અભ્યાસ કરતા તેથી ગુજરાતી ભાષાના પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું થયું. માત્ર ગણિત ભણાવીને પોતાની જવાબદારી પૂરી ન કરતા પોતાના હાથ નીચે તૈયાર થતી યુવા પેઢીને જીવન જીવવા માટે યથાર્થ માર્ગદર્શન મળી રહે તે માટે તેઓએ અનેક લેખો અને ૭૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. જેના થકી યુવા પેઢીમાં શિસ્ત અને સંસ્કારનું સિંચન થતું રહે છે.

માત્ર વિચાર નહીં પણ આચાર થકી પોતાના વિચારોના વાવેતર કરનાર આ સર્જકે જાણે 'મારું જીવન એ જ મારો સંદેશ' એ ગાંધી પરંપરાથી પોતાનું જીવન એકરૂપ કર્યું છે. પચ્ચીસ વર્ષની ઉંમરે ગુજરાતીના સંપર્કમાં આવનાર આ સર્જક ત્રીસ વર્ષની ઉંમરે પહેલું ગુજરાતી પુસ્તક આપે છે. માત્ર પાંચ વર્ષનો ગુજરાતી ભાષાનો પરિચય અને ઇ.સ. ૧૯૬૭માં તો તેઓ 'સદાચાર'શીર્ષકથી પ્રથમ પુસ્તક પ્રકાશિત કરે છે. ગુજરાતમાં સાવ નવાસવા આ સ્પેનીસ ગણિતજ્ઞને અહીં કોઈ પ્રકાશકોનો પરિચય ન જ હોય. એટલે પોતાના પ્રથમ પુસ્તકની પ્રત બતાવવા છતાં છાપવા કોઈ તૈયાર નહીં. વળી, નવલકથા, વાર્તા અને કવિતા જેવાં સાહિત્ય સ્વરૂપોની બોલબાલાના સમયમાં વિચારપ્રધાન નિબંધો પ્રકાશિત કરવાનું જોખમ લેવા કોઈ પ્રકાશક તૈયાર ન થતાં પોતાની માતા પાસેથી પૈસા મંગાવી, પોતાની રીતે પોતાનો વિચારવૈભવ જેમાં છલકાય છે - તેવું 'સદાચાર' પુસ્તક તેઓ પ્રકાશિત કરે છે. પ્રણય, પ્રકૃતિ, નારી અને દલિતચેતના તથા વતન વિચ્છેદની પીડા જેવા વિષયો જ્યારે ભાવકોને આકર્ષતા હોય ત્યારે સાવ સામા છેડે સમાજજીવનના પ્રસંગોને સાંકળી, ટૂંકા પણ ચોટદાર વિચારોથી ગૂંથાયેલા ગુચ્છો - સદાચારની આવશ્યકતાને સાદી અને સરળ છતાં સાહિત્યિક ભાષામાં પ્રસ્તુત કરે છે. સત્વશીલ પુસ્તક ‘સદાચાર’ને સાહિત્યરસિક સમાજ ધાર્યાથી પણ વધુ આવકાર આપે છે અને પછી આ યાત્રા કોઈપણ અંતરાય વિના ગંતવ્ય સ્થાને પહોંચવામાં સફળ થાય છે. સવાઈ ગુજરાતી તરીકે જાણીતા થયેલા કાકાસાહેબ કાલેલકરે જે રીતે ગુજરાતીને ચાહી છે તે રીતે જ ગુજરાતીને ચાહનારો આ બીજો સર્જક પોતાની કર્મભૂમિની ભાષાને સાચે જ પોતાના ભીતર જીવાડી ગયો છે.

સામાન્ય પરિવેશમાંથી આવતા પરિવારો વચ્ચે આત્મીયતા કેળવી તેમના પરિવારના સભ્ય બની જવાની વિશેષ સાહજિકતાથી ફાધર વાલેસ દરેકના મનને સ્પર્શી શક્યા છે. ઊગતી પેઢીને ઊગતા સૂર્યની જેમ વિશ્વમાં પ્રકાશ પાથરતા કરવા માટે એમણે સતત લખ્યું છે. યુવા પેઢીનું ચારિત્ર્ય નિર્માણ મૈત્રીપૂર્ણ રીતે કરવાનો આશય ધરાવનાર તેમણે તેમનાં બધાં જ પુસ્તકોમાં જીવનને લક્ષ્ય તરફ દોરી જતું અને આત્મશ્રદ્ધા થકી પવિત્ર સમાજ અને રાષ્ટ્રનિર્માણ માટે કાર્યાન્વિત થતું દર્શાવ્યું છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ બાંધવાના માર્ગદર્શન રૂપે વિચારપ્રધાન પુસ્તક 'વ્યક્તિઘડતર' તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. ૧૯૬૮ માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થયા બાદ ૨૦૨૩ સુધી ૧૭ વખત તેનું પ્રકાશન થયું તે જ સર્જકની લોકપ્રિયતાની સાથે પુસ્તકની મહત્તા પ્રસ્થાપિત કરે છે.

વ્યક્તિના ઘડતરમાં સમાજના અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે. વ્યક્તિના પારિવારિક સંબંધો અને શાળાજીવન પ્રારંભિક તબક્કે વ્યક્તિના જીવનને દિશા આપે છે. માતાપિતા અને ગુરુજન સૌથી પહેલા બાળકના આદર્શ તરીકે સ્થાપિત થતા હોય છે અને એટલે જ બાળકના ઘડતરમાં મહત્વની ભૂમિકા પણ માતા-પિતા અને ગુરૂજનની રહેતી હોય છે. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની નિકટ રહેવાને પરિણામે ફાધર વાલેસને તેઓના નાના મોટા પ્રશ્નોના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું બન્યું. એની સાથે વાત્સલ્ય ભાવે જોડાઈને માર્ગદર્શન પણ આપ્યું. આ માર્ગદર્શનને સૌ કોઈ માટે સુલભ કરી આપવાનું કામ તેમના સર્જન ગ્રંથોમાં સચવાયું છે. ઉપદેશના ભારને બદલે મૈત્રીપૂર્ણ રીતે જીવનનો માર્ગ દર્શાવવાનો ઉપક્રમ તેમને વિદ્યાર્થીપ્રિય બનાવવામાં મહત્વનો રહ્યો છે. કોશ ચલાવતો કોશીયો પણ સમજી શકે એવી ભાષામાં સાહિત્ય સર્જાવવું જોઈએ એવો ગાંધીનો મત સ્વીકારતા હોય એમ આ સર્જક આસપાસમાં બનતી ઘટનાઓના દૃષ્ટાંતોથી પોતાની વાતને રસાળ શૈલીમાં પ્રસ્તુત કરે છે. કાવ્યનું સૌંદર્ય પણ એમના ગદ્યમાં સહજતાથી ખીલે છે.

'વ્યક્તિઘડતર' પુસ્તકમાં જુદા જુદા ૨૪ વિષયો પર ફાધર વાલેસે પોતાના મનોભાવો પ્રસ્તુત કર્યા છે. વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં પરીક્ષાકેન્દ્રી અભિગમ અને ડિગ્રી મેળવવાની હાટડીઓ થકી પ્રાપ્ત થતાં પ્રમાણપત્રો વિશે તેઓ કહે છે, "પદવી મળી એટલે જીવનમાં ઝૂઝવાની યોગ્યતા સિદ્ધ થઈ એવું હોતું નથી. હાથમાં કાગળિયાં આવ્યાં એટલે મનમાં અને દિલમાં જરૂરી સંસ્કારો પડ્યા એમ પણ નથી. પરીક્ષા માટેની તૈયારી અને જીવન માટેની તૈયારી એ કંઈક જુદી જુદી જ વસ્તુઓ છે" (પૃ.૨)શિક્ષણના ભારને પરિણામે છાપાઓમાં અવારનવાર વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સાઓ પ્રકાશિત થતા રહે છે ત્યારે ફાધર વાલેસનો આ વિચાર દિશાસૂચક છે. માણસનું મૂલ્યાંકન માત્ર તેના પરિણામપત્રકને આધારે ન થવું જોઈએ પણ તેનામાં રહેલી આવડત જ અગત્યની હોવી જોઈએ. વ્યક્તિના ઘડતર પૂર્વે વ્યક્તિત્વનો ખ્યાલ પણ સર્જકે સ્પષ્ટ કર્યો છે. શરીર, બુદ્ધિ, આત્મબળ અને લાગણીઓના સમાવેશથી સર્જાતું વિશેષપણું જ વ્યક્તિત્વ છે. દરેકનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. દુનિયામાં અનેક મહાન વ્યક્તિઓ છે, પણ તેમના દરેકનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. કોઈના જીવનમાં રહેલા સદ્‌ગુણો ગ્રહણ કરવા માત્રથી વ્યક્તિત્વ સર્જાતું નથી પરંતુ જીવનકાર્ય સ્વેચ્છાથી નિભાવી, વ્યક્તિત્વને સંસ્કાર, સુટેવો, સિદ્ધાંતો અને આદર્શોથી વિકસવા દેવામાં આવે એ જ સાર્થક વ્યક્તિત્વ છે. વ્યક્તિત્વને વિકસાવવા માટે વૃત્તિ અને ગરજ આવશ્યક છે. વારસામાં મળેલ શરીર, બુદ્ધિ અને

કલ્પનાશક્તિ પર આસપાસના વાતાવરણની અસર થતી હોય છે. શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક વૃત્તિઓ જ જરૂરિયાતોના સંદર્ભમાં વ્યક્તિત્વને ઘડે છે.

વ્યક્તિત્વ નિર્માણ માટે સર્જકે મનોબળને મહત્વનું પાસું લેખાવ્યું છે. મનસૂબો, દૃઢ સંકલ્પ કરવાની શક્તિ, ઈચ્છાશક્તિ અને આત્મબળ એની આગળ બધી મુશ્કેલીઓ ઓગળી જાય છે. સર્જકે નોંધ્યું છે "અણુશક્તિ કરતાં ઈચ્છાશક્તિ વધુ પ્રબળ છે. હોમર પ્રજ્ઞાચક્ષુ (અંધ) હતા પણ દુનિયાનું સૌથી પ્રખ્યાત મહાકાવ્ય એમનું સર્જન છે. ડેમોસ્થેનીઝ તોતડાતી જીભે જ બોલી શકતા પણ દુનિયાના સૌથી પ્રભાવશાળી વક્તા થયા. હેલનકેલરના આંખ, કાન અને જીભ ત્રણેય બંધ હતાં છતાં તેઓ પીએચ.ડી. સુધી ભણ્યા અને વિશ્વવિખ્યાતિ પામ્યાં. રુડોલ્ફ નાનપણમાં પગે લકવો થવાથી વર્ષો સુધી પથારીવશ રહ્યા પણ તાલીમ લઈને એણે ઓલિમ્પિક રમતોત્સવમાં દોડવાની હરીફાઈમાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા ને નવો વિક્રમ સ્થાપ્યો."(પૃ.૨૦) સંયમ, આત્મશિસ્ત અને ત્યાગવૃત્તિ થાકી કેળવાયેલું મનોબળ જ માણસને ચલાવનારી ખરી શક્તિ છે. એ શક્તિ મેળવવા માટે, એને વિકસાવવા અને ખીલવવા શરીર અને મનને કેળવવું જરૂરી છે.

વ્યક્તિના ઘડતરમાં ઊર્મિતંત્રની પણ મોટી ભૂમિકા છે. મન અને મગજ વચ્ચે સતત ચાલતો સંઘર્ષ અને તેમાં યથોચિત નિર્ણય લેવાની સૂઝ વ્યક્તિમાં હોવી જોઈએ. વિચારતંત્ર અને નિર્ણયતંત્ર વચ્ચે સૂક્ષ્મ તાર તણાયેલો છે જે વ્યક્તિ માત્રની દૃષ્ટિ અને નિર્ણયો બદલવામાં ભાગ ભજવે છે ત્યારે તે બાબતે સતત જાગૃત રહેવાની વાત પણ સર્જક કરે છે, "ભય અને ચિંતા, ક્રોધ અને ક્ષોભ, સંકોચ અને નિરાશા એ ભાવો માનવના મનમાં ને હૃદયમાં રમ્યા જ કરે છે, અને - એ માનવ વ્યક્તિ સાવધાન ન રહે તો એની પાસે પોતાનું ધાર્યું કરાવે છે. ભય એને નસાડી મૂકશે, ચિંતા એનો જીવ ખાઈ જશે, ક્રોધ એને પાશવી બનાવી દેશે, નિરાશા ને ઉદાસીનતા એની શક્તિ લૂંટી લેશે... એણે ધારેલા રસ્તે એ જઈ શકશે નહીં ધારેલું કામ પાર પાડી શકશે નહીં. ઊર્મિતંત્ર જો બરાબર ચાલતું ન હોય તો વિચાર ને નિર્ણયતંત્રની કામગીરી પણ ખોરવાઈ જવાની"(પૃ.૨૫) મહાભારતમાં અર્જુનના ચિત્તનો સંઘર્ષ તેના હાથમાંથી ગાંડીવને સરકાવી દે છે, તે જાણીતું જ છે. ઊર્મિની સાથે જીવનનું ધ્યેય વ્યક્તિ ઘડતરનો કીમિયો છે. ધ્યેય હોય ત્યાં ઈચ્છાશક્તિ હોય અને ત્યાં મનોબળ જન્મે.

વ્યક્તિત્વના વિકાસ માટે આત્મવિશ્વાસ અને આત્મ સ્વીકારને પણ ફાધર વાલેસે જરૂરી લેખાવ્યા છે. કોશેટો તોડી બહાર નીકળતો કીડો પતંગિયું બને છે અને માળો છોડતું પંખી આકાશને આંબે છે. આત્મવિશ્વાસ વિકસાવવા માટે આત્મશ્રદ્ધા હોવી જરૂરી છે. તે સંદર્ભે સર્જકે નોંધ્યું છે,"બીજને ખેડૂત પર વિશ્વાસ છે એટલે ધરતીના ખોળામાં દિવસો સુધી નિરાંતે ઊંઘી જાય છે. બાળકને માતા ઉપર શ્રદ્ધા છે એટલે તેની ગોદમાં માથું મૂકીને નિશ્ચિત ભાવે પોઢી જાય છે. માણસ જો સર્જનહાર ઉપર પ્રેમાળ વિશ્વાસ કેળવે તો એના જીવનમાં એ સરળતા, હિંમત અને શક્તિ આવી જાય." (પૃ. ૪૨)ફાધર વાલેસે વ્યક્તિ ઘડતરમાં ભાઈ-બહેન, મિત્રતા, પતિ-પત્ની વગેરે પારિવારિક સંબંધોની ભૂમિકા પર વિશેષ ભાર મૂક્યો છે. ભારતીય પરંપરામાં લગ્ન એ કરાર નહીં પણ સંસ્કાર છે અને તેમાં પરસ્પરને સમજવાની અને સ્વીકારવાની જે ઉત્તમ વ્યવસ્થા છે તે વિશે તેમણે નોંધ્યું છે, “પતિપત્ની એકબીજાને માટે, અને બંને બાળકોને માટે જીવે છે: પિતા કુટુંબનું ગુજરાન ચલાવવા પરસેવો પાડે છે. માતા બધાંને જમાડ્યા પછી છેલ્લી જમે છે. આમ, સ્વાભાવિક રીતે જાહેરાત વિના,ગર્વ વિના, પ્રેમના મૂક આગ્રહને વશ થઈને તેઓ પોતાનું જીવન બીજાઓના કલ્યાણ અર્થે અર્પણ કરતાં શીખે છે. અને એ શુભ પ્રક્રિયામાં દરેકનું માનવત્વ ઑર ખીલી ઊઠે છે. ખરેખર લગ્નસંસ્થા એ વ્યક્તિ ઘડતરની ઉત્તમ શાળા છે.”(પૃ. ૯૩)

ફાધર વાલેસે વ્યક્તિ ઘડતર માટે અનેક વિષયોને સ્પર્શીને સદર ગ્રંથ થકી સાચા અર્થમાં માનવ ઘડતરની દિશા ચંધી છે. વળી આ સાહિત્ય ઉપાસના થકી સમાજનિર્માણની બારાખડી આપવા બદલ ગુજરાત કાયમ તેમનું ઋણી રહેશે.

......................................................................................................................................

- અભ્યાસ ગ્રંથ

  વ્યક્તિઘડતર - ફાધર વાલેસ

  પ્રથમ આવૃત્તિ - ૧૯૬૮, સંવર્ધિત પુનર્મુદ્રણ - ૨૦૨૩

  કિંમત - ૧૫૦ રૂ. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ